# શિક્ષક એક વાલી પણ છે

હમણાં થોડા દિવસ પહેલાં એક શિક્ષક યુગલ મળ્યું. શિક્ષણની વાતો ચાલતી હતી. જેમાંથી બાળકોના વર્તન વ્યવહાર અને બાળશિક્ષણની પણ વાતો થઇ. તેમની વાતચીત પરથી મને લાગ્યું કે, તેમને તેમના બાળકના શિક્ષણથી પૂર્ણ સમતોષ નહીં હોય, છતાં તે બાબત તેઓ મારાથી છૂપાવતા હોય તેવું મને લાગ્યું. મેં જ તેમને સ્પષ્ટ પૂછી નાખ્યું કે, તમને તમારા બાળકોના શિક્ષણથી સંતોષ છે ? જેના પ્રત્યત્તરમાં તેમણે અર્ધસત્ય જવાબ આપ્યો, પણ અંતે કબૂલ પણ કર્યું કે, મારા બાળકોમાં રહેલી શક્તિ મુજબ તેમનો વિકાસ થયો હોય તેવું લાગતું નથી. એકાદ કલાકની મીટીંગ પછી તે યુગલ મારાથી છૂટું પડ્યું. પણ ત્યારબાદ મારા મનમાં અનેક વિચારોના ઘોડાપૂર શરૂ થઇ ગયા. મેં મારા પરિચિત શિક્ષકોના બાળકો પર નજર દોડાવી અને જે તે બાળકના શિક્ષક મા-બાપને પણ યાદ કર્યા. ત્યારે મનોમન લાગ્યું કે, ઘણાં ઘણાં શિક્ષકો એવાં છે જે જુદા જુદા કારણોસર પોતાના બાળકના શિક્ષણ માટે આપવો જોઇતો સમય આપતા નથી. અહીં “ આપી શકતા નથી” એમ કહેવાને બદલે “આપતા નથી” તે શબ્દસમૂહનો ઉપયોગ કર્યો છે. વાચકમિત્રોએ તેની કાસ નોંધ લેવી.

મારી કોલેજમાં જ સ્ટાફરૂમમાં આ ચર્ચા છેડી, ડરતાં ડરતાં મેં કહ્યું કે, લગભગ પચાસ ટકા શિક્ષકોના બાળકો ભણવામાં કે ઇતર પ્રવૃત્તિમાં આગળ પડતાં હોતા નથી, સામાન્ય જ હોય છે. બાજુમાંથી જ મિત્રએ કહ્યું કે, ટકાવારી સુધારો માત્ર પચાસ ટકા શિક્ષકો નહીં, લગભગ એંસી ટકા શિક્ષકોના બાળકો અભ્યાસમાં સામાન્ય હશે. આ ટકાવારી વદારે હોય કે ઓછી હોય, પણ હકીકત એ છે કે, શિક્ષકો બીજાના બાળકો માટે વાલીને જે સલાહ આપે છે તે સલાહનું પાલન પોતે પોતાના બાળક માટે કરતા નથી. ત્યારે કહેવાનું મન થાય કે, શિક્ષકમિત્રો તમે બીજાના બાળકના વિકાસ માટે કે બીજાના બાળકને સુધારવા માટે ગમે તે કારણો સર જેટલો સમય આપો છો તેટલો સમય તમારા પોતાના બાળક માટે આપો છો ખરા ? મોટાભાગે એવું જોવા અને જાણવા મલ્યું છે કે, આર્થિક ઉપાર્જન માટે ટયુશન કરતા શિક્ષકો બીજાના બાળકોને ભણાવવામાં જેટલો સમય અને રસ લે છે તેટલો સમય પોતાના બાળકને ભણાવવા માટે આપે છે ખરા ? ટયુશન પાછળ ગાંડો બનીને દોટ મૂકનાર શિક્ષક આજે પૈસા કમાતો હશે, પણ પાછળથી તેના બાળકને સારી જગ્યાએ એડમિશન નહીં મળે ત્યારે ટયુશનમાં કમાયેલ પૈસા તેને ડોનેશન રૂપે ખાલી કરવા જ પડશે. અને કદાચ એવું પણ બને કે ડોનેશન આપવા તૈયાર હોય છતાં પરિણામ જ એટલું નબળું હોય કે તેને સારી જગ્યાએ પ્રવેશ પણ કદાચ ન મળે. ત્યારે ટયુશન પાછળ સમય આપીને પૈસા કમાયેલા કેટલા કામમાં આવશે. તેના કરતાં તો ટયુશન કરીને પૈસા એકઠા કરવાના બહાને બીજાના બાળકોનું સુધારવા જતાં તમારા બાળકોનું બગડે નહીં તે ખાસ વિચારવું પડશે.

આજે ઘણાં શિક્ષકો એવાં છે કે, જે પોતાના ઘર કરતાં શાળાને વદારે મહત્ત્વ આપે છે અને પોતાના બાળક કરતાં પોતાના વિદ્યાર્થીને વધારે મહત્ત્વ આપે છે. જે બાબત ખરાબ નથી જ. નિષ્ઠા અને લાગણીની વાત છે. પણ તેમ કરતાં ઘર અને પોતાના બાળકને માટે પણ સમય ફાળવવો એટલો જ જરૂરી છે. તો આવા નિષ્ઠાવાન શિક્ષકોએ ઘર અને પોતાના બાળક માટે નિષ્ઠા બતાવવા માટે સમયનું અને પોતાના કાર્યોનું ચોક્કસ રીતે આયોજન કરવું જ રહ્યું. નહીં તો સવારે વહેલાં ઊઠીને શાળા કે ટયુશનમાં જતા શિક્ષકો સાંજે મોડા ઘેર આવે ત્યારે ઘણીવાર તેનું બાળક ઊંઘી પણ ગયું હોય. જે બાળકને પોતાના બાપનું મોંઢું જ

જોવા મળતું ન હોય, તેના બાપા તેનો સર્વાંગી વિકાસ ક્યાંથી કરવાના છે ? વળી આ જ શિક્ષક શાળામાં વાલી આવે ત્યારે સલાહ આપતા હોય ચે કે, તમે તમારા બાળકનું ધ્યાન રાખો, તેને ભણવા બેસાડો, તેના અભ્યાસમાં રસ લો વગેરે. ત્યારે પ્રશ્ન થાય કે આ શિક્ષકો પોતાના બાળ માટે આટલું ધ્યાન કેમ નથી આપતા ? કારણ જે હોય તે પણ દરેક શિક્ષકે ચોક્કસ આયોજન કરીને પોતાના બાળક પાછળ સમય પાળવવો જ જોઇએ. તેમાં પણ શિક્ષિકા બહેનોની સમસ્યા જુદી ચે. આપણા પુરુષ પ્રધાન સમાજમાં શિક્ષિકા બહેને ઘેર આવીને રસોઇ કરવાની કે ઘરના અન્ય કામ કરવાના હોય છે ત્યારે સ્વાભાવિક ચે કે, આવા શિક્ષિકા બહેનો બાળક પાછળ જોઇતો જરૂરી સમય ન ફાળવી શકે. આમ છતાં તેમણે ઘરકામને અછું પ્રાધાન્ય આપીને પોતાના બાળકના અભ્યાસના કામને વધુ પ્રાધાન્ય આપવું જોઇએ. જેના પરિણામ થોડા મોડાં મળશે, પણ એ પરિણામ સારાં જ હશે.

આજે કેટલાક શિક્ષકો ગામ કે સમાજના કેટલાક સેવાના કાર્યોમાં પણ જોડાયેલા જોવા મળે છે. જે સારી બાબત છે, કારણ કે તેની આવડત અને કૂનેહ શિક્ષક પાસે વધારે હોય છે, સાથે લોકો શિક્ષક પર વદારે વિશ્વાસ મૂકે છે. આમછતાં ગામનું સુધારવામાં પોતાના ઘરનું બગડે નહીં તેવું આયોજન કરવું જ પડે. ભવિષ્યમાં જરૂર પડે તમારી સાથે તમારા ઘરના સભ્યો અને તમારા બાળકો જ હશે. તો આજે તમે તેમની પાછળ જેટલો સમય આપ્યો હશે , જેવા સંસ્કાર આપ્યા હશે, તેવું પરિણામ તમને ભવિષ્યમાં મળશે. કેટલા શિક્ષકો પોતાના બાળક માટે દરરોજ બે-ત્રણ કલાક ફાળવે છે ? કેટલા શિક્ષકોએ પોતાના બાળકોને વાર્તાઓ સંભળાવી હશે ? કેટલા શિક્ષકો પોતાના બાળકને લઇને નિયમિત પણે વિવિધ સ્થળોની મુલાકાતે જાય છે ? કેટલા શિક્ષકો બાળકની ઇચ્છા પ્રમાને બહાર ફરવા અને નાસ્તા-પાણી કરવા જાય છે?

અંતે, વાલીને સલાહ આપતો કે શિક્ષણ વિષયક લેખો લખતા કેટલાક શિક્ષકો ભાર પૂર્વક કહે છે કે, બાળકમાં રહેલી શક્તિનો વિકાસ કરવો જોઇએ. બાળક પાસે તેની શક્તિ મુજબ જ અપેક્ષા રાખવી જોઇએ. તેમ જ જેવું વાવીએ તેવું લણીએ વગેરે વગરે. આ બાબત તેના માટે પણ લાગુ પડે કે નહીં? પણ કેટલાક શિક્ષકો પોતાના બાળક પાછળ પૂરતો સમય નહીં આપીને સર્વાંગી વિકાસ કરવાની વાત કરતા હોય છે. તો વળી વાવે છે બાવળીયા અને કેરીના ફળની અપેક્ષા રાખતા હોય છે. બીજી બાજુ ખૂબ જ ઓછી સંખ્યા ધરાવતું એવા શિક્ષકોનું જૂથ છે કે જે, પોતાની ફરજ પછી તે શાળા પ્રત્યેની હોય કે ઘર પ્રત્યેની હોય, અન્ય વિદ્યાર્થી માટે હોય કે પોતાના બાળક માટે હોય. પણ પોતાની ફરજ ખૂબ જ કાબેલ બનીને નિભાવે છે. જે દરેકને સંતોષ આપે છે. બીજાનું સુધારવાના ખોટા આડંબરમાં પોતાના ઘરનું બગાડતા નથી. આવા શિક્ષકો પાસેથી પેલા એંસી ટકા જેટલા શિક્ષકો કે જેમની પાસે પોતાના બાળક માટે સમય નથી તેમને કશુંક શીખવું જ રહ્યું. દરેક શિક્ષક એક વાલી પણ હોય છે. અંતે સારા શિક્ષક પણ બનો અને સારા વાલી પણ બનો એ જ કહેવાનો ભાવાર્થ છે.

**dr.ashokpatel@in.com**